JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


9510971051 | 9510971049
Laxminarayan SysTech Private Limited

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૦ આસો વદ ચૌદસ ગુરુવાર ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૯૭

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# 25 લાખ દીવડાઓથી અયોધ્યા ઝળહળી ઉઠ્યું





## અયોધ્યાવાસીઓએ 25 લાખથી વધુ દીવાઓ પ્રગટાવીને અને 1,121 લોકોએ એકસાથે આરતી કરીને બે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા

**અયોધ્યા, તા. 30 (PTI).** બુધવારે અહીં દીપોત્સવની આઠમી આવૃત્તિમાં બે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ - એકસાથે સૌથી વધુ લોકોએ આરતી કરી અને તેલના દીવાઓનું સૌથી મોટું પ્રદર્શન - સ્થાપિત કરવામાં આવ્યા હતા.

પવિત્ર શહેરમાં આ બે રેકોર્ડ્સ ત્યારે બન્યા જ્યારે એકસાથે 25 લાખથી વધુ માટીના દીવાઓ પ્રગટાવવામાં આવ્યા અને 1,121 વેદાચાર્યો દ્વારા એકસાથે આરતી કરી.

ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સના નિર્ણાયક પ્રવીણ પટેલ, જેમણે ચકાસણી માટે ગિનીસ કન્સલ્ટન્ટ નિશ્ચલ ભરોટ સાથે અયોધ્યાની મુલાકાત લીધી હતી, તેમણે બુધવારે સાંજે અહીં નવા રેકોર્ડની જાહેરાત કરી હતી.

પટેલે જાહેર કર્યું હતું કે, ''કુલ 1,121, યુપી પ્રવાસન, અયોધ્યાના જિલ્લા વહીવટીતંત્ર અને સરયુ આરતી સમિતિ સાથે તમે એકસાથે દીવાઓ પ્રગટાવીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડના ખિતાબ ધારક છો. અભિનંદન!''

બીજા રેકોર્ડ પર ગિનીસ નિર્ણાયકે કહ્યું હતું કે, ''કુલ 25,12,585 સાથે, જે 25 લાખથી થોડા વધુ છે, યુપી પ્રવાસન, યુપી સરકાર, અયોધ્યા જિલ્લા વહીવટીતંત્ર અને ડૉ. રામ મનોહર લોહિયા અવધ યુનિવર્સિટી તમે ઓઈલ લેમ્પના સૌથી મોટા પ્રદર્શન માટે નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ ટાઈટલ ધારક છો!''

પટેલે જણાવ્યું હતું કે તેઓ એક નહીં, પરંતુ બે ગિનીસ વર્લ્ડ રેકોર્ડના ખિતાબને ચકાસવા માટે સંપૂર્ણ આનંદિત છે.

## ડેમચોક-દેપસાંગમાં ભારત અને ચીનના સૈનિકો સંપૂર્ણ રીતે પાછળ ખસ્યા

**દિવાળી** પર બંને પક્ષો વચ્ચે મીઠાઈની આપ-લે થશે

**આ વિસ્તારોમાં** ટૂંક સમયમાં પેટ્રોલિંગ શરૂ કરાશે



**નવી દિલ્હી, તા. 30 (PTI):** ભારતીય અને ચીની સૈનિકોએ પૂર્વી લડાખના ડેમચોક અને દેપસાંગ મેદાનોમાં બે ઘર્ષણ બિંદુઓ પર સૈનિકોને પાછા ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ કર્યા છે અને આ બિંદુઓ પર ટૂંક સમયમાં પેટ્રોલિંગ શરૂ થવાની તૈયારી છે, એમ સૈન્ય સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું. દિવાળી પર બંને પક્ષો વચ્ચે મીઠાઈની આપ-લે

...અનુસંધાન પાના 11 પર

## દેશમાં સોનાના ભાવ 82000ને પાર

**ગત 29** ઓક્ટોબર, 2023થી અત્યાર સુધીમાં સોનામાં 35 ટકાનો ઉછાળો નોંધાયો

**અમદાવાદ, તા. 30.** દેશમાં દિવાળીના તહેવારોની ઉજવણી ચાલી રહી છે, ત્યારે ભારતમાં આજે સોનાના ભાવમાં સતત બીજા દિવસે તેજી જોવા મળી હતી. યુએસ રાષ્ટ્રપતિની ચૂંટણી અને મધ્ય પૂર્વના તણાવની આસપાસ ચાલી રહેલી અનિશ્ચિતતાઓ વચ્ચે આજે યુએસ સોનાના ભાવ રેકોર્ડ ઉંચી સપાટીને સ્પર્શ્યા હતા. વળી, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ઘટાડાની સંભાવનાઓએ સોનામાં વધારો કર્યો હતો.

બુલિયન માર્કેટમાં આજે સોનાના ભાવમાં પ્રથમ વખત રૂ. 1000નો ઉછાળો નોંધાઈ રૂ. 82000 પ્રતિ 10 ગ્રામની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી હતી. પ્રતિ ૧૦ ગ્રામની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી હતી.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિયેશનના જણાવ્યા અનુસાર દિલ્હીમાં 99.9 ટકા શુદ્ધતાવાળું સોનું 1000 રૂપિયા વધીને 82,400 રૂપિયા પ્રતિ 10 ગ્રામની નવી ટોચ પર પહોંચી ગયું છે. સ્થાનિક બજારમાં 99.5 ટકા શુદ્ધતાવાળું સોનું પણ રૂ.1000 વધીને રૂ.82000 પ્રતિ 10 ગ્રામની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું. પાછલા સત્રમાં 99.9 ટકા અને 99.5 ટકા શુદ્ધતાવાળું સોનું અનુક્રમે 81400 રૂપિયા અને 81000 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર બંધ થયું હતું.

વેપારીઓએ સોનાના ભાવમાં આવેલા તીવ્ર ઉછાળાને દિવાળી દરમિયાન વધતી માંગને પહોંચી વળવા માટે સ્થાનિક જ્વેલર્સ દ્વારા ભારે ખરીદીને તેમજ અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી પૂર્વે અનિશ્ચિત ભૂ-રાજકીય પરિસ્થિતિને કારણે મજબૂત વૈશ્વિક વલણને જવાબદાર ગણાવ્યું હતું. ગયા વર્ષે 29 ઓક્ટોબરથી અત્યાર સુધીમાં સોનાના ભાવ 35 ટકા વધીને 82400 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયા છે. તે સમયે સોનાની કિંમત 61200 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.

દરમિયાન ચાંદી પણ સતત પાંચમા દિવસે વધીને રૂ.1300 વધી રૂ. 1.01 લાખ પ્રતિ કિલો થઈ હતી, જે અગાઉના ટ્રેડિંગ સેશનમાં રૂ. 99700 પ્રતિ કિલો હતી. ચાંદી 101000 રૂપિયા પ્રતિ કિલો પર ટ્રેડ કરી રહી છે, જે ગયા વર્ષે 29 ઓક્ટોબરથી 36 ટકા વધારે છે. ગત વર્ષે આ સમયે ચાંદીનો ભાવ 74000 રૂપિયા પ્રતિ કિલો હતો.

આંતરરાષ્ટ્રીય બજારમાં કોમેક્સ ગોલ્ડ ફ્યૂચર 0.60 ટકા અથવા 16.80 ડોલર પ્રતિ ઔંસ વધીને 2797.90 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયું છે. મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડના કોમોડિટી રિસર્ચના વિશ્લેષકના જણાવ્યા અનુસાર, અમેરિકા અને જાપાનમાં રાજકીય અનિશ્ચિતતામાં વધારો થયો છે, તેમજ વ્યાજના દરો પર વધુ સંકેતોની અપેક્ષાએ સુરક્ષિત-આશ્રયસ્થાન રોકાણ વિકલ્પ તરીકે સોનાની માંગને વેગ આપ્યો છે, જેના કારણે તેની કિંમતો રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગઈ છે. ઈરાન પર

...અનુસંધાન પાના 11 પર




### એસપી નેતાની ફરિયાદ પર ભાજપ સરકારે તાત્કાલિક કાર્યવાહી કરી

સમાજવાદી પાર્ટી (એસપી)ના અધ્યક્ષ અખિલેશ યાદવની કેન્દ્ર સરકાર સામેની ફરિયાદ પર સંબંધિત મંત્રાલયે તાત્કાલિક કાર્યવાહી કરી છે. ઉત્તર પ્રદેશના કન્નૌજના સાંસદે સંસદમાં કહ્યું હતું કે, સરકારે ઉત્તર પ્રદેશ (યુપી)માં કોઈ નવો એક્સપ્રેસવે પ્રોજેક્ટ વિકસાવ્યો નથી તેના થોડા દિવસો પછી સપાના ધૌરહરા સાંસદ આનંદ ભદૌરિયા કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીને મળ્યા. મંત્રીને મળવા પર ભદૌરિયાએ કથિત રીતે મંત્રીને એક પત્ર સોંપ્યો હતો, જેમાં તેમને લખનૌ-આગ્રાથી તેમના મતવિસ્તાર થઈને હરિદ્વાર સુધી એક્સપ્રેસવે

...અનુસંધાન પાના 11 પર

## કેનેડાના મંત્રીએ અમિત શાહ પર શીખ અલગતાવાદીઓને નિશાન બનાવવાના આદેશ આપવાનો આરોપ લગાવ્યો

**મોરિસને** કહ્યું ન હતું કે કેનેડાને શાહની કથિત સંડોવણી વિશે કેવી રીતે ખબર પડી



**ઓટ્ટાવા, તા. 30 (AP):** કેનેડાના એક મંત્રીએ મંગળવારે આરોપ લગાવ્યો હતો કે ભારતના ગૃહ મંત્રી અમિત શાહે કેનેડાની અંદર શીખ અલગતાવાદીઓને નિશાન બનાવીને હિંસા, ધાકધમકી અને ગુપ્ત માહિતી એકત્ર કરવાના અભિયાનનો આદેશ આપ્યો હતો. વિદેશી બાબતોના ઉપમંત્રી ડેવિડ મોરિસને રાષ્ટ્રીય સુરક્ષા સમિતિના સંસદ સભ્યોને જણાવ્યું હતું કે તેમણે વોશિંગ્ટન પોસ્ટને શાહના નામની પુષ્ટિ કરી હતી, જેણે સૌપ્રથમ આ આરોપો લગાવ્યા હતા. 'પત્રકારે મને બોલાવ્યો અને પૂછ્યું કે શું તેઓ તે વ્યક્તિ છે. મેં પુષ્ટિ કરી કે તેઓ તે વ્યક્તિ છે', એમ મોરિસને સમિતિને કહ્યું. જો કે મોરિસને કહ્યું ન હતું કે કેનેડાને શાહની કથિત સંડોવણી વિશે કેવી રીતે ખબર પડી. વડા પ્રધાન જસ્ટિન

...અનુસંધાન પાના 11 પર

## કિંગ ચાર્લ્સ અને તેમનાં પત્ની ક્વીન કેમિલાએ વેલનેસ ટ્રીટમેન્ટ માટે બેંગ્લુરૂની એક સુવિધાની મુલાકાત લીધી

**દંપતીએ** રોગનિવારક યોગ કર્યા અને ઈંડા સાથે કડક શાકાહારી આહારનો આનંદ માણ્યો

**બેંગ્લુરૂ-લંડન, તા. 30 (PTI):** બ્રિટનના કિંગ ચાર્લ્સ-તૃતિય અને તેમનાં પત્ની ક્વીન કેમિલાએ અહીં એક વિશાળ સંકલિત તબીબી સુવિધામાં વેલનેસ ટ્રીટમેન્ટ માટે બેંગ્લુરુની ખાનગી મુલાકાત લીધી હતી, સ્થાનિક સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું કે, બકિંઘમ પેલેસે પુષ્ટિ કરી હતી કે દંપતીએ સમોઆમાં એક કોમનવેલ્થ બેઠકમાં હાજરી આપ્યા બાદ બ્રિટન જતી વખતે શહેરમાં રોકાણ કર્યું હતું. શાહી દંપતી અહીં વ્હાઈટફિલ્ડ નજીક, યોગ અને ધ્યાન સત્રો અને ઉપચાર સહિતની સારવાર માટે જાણીતા સર્વગ્રાહી આરોગ્ય કેન્દ્રમાં રોકાયા હતા, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. સમોઆમાં કોમનવેલ્થ હેડ્સ ઓફ ગવર્નમેન્ટ મીટિંગથી (સીએચઓજીએમ) બ્રિટન પાછા જવાની તેમની લાંબી મુસાફરીમાં વિરામ લેવા માટે તેઓએ દેશમાં એક નાનું આરામનું રોકાણ કર્યું હતું, એમ બકિંઘમ પેલેસે બુધવારે લંડનમાં કહ્યું હતું. 75 વર્ષીય રાજાએ ખાનગી મુલાકાત લીધી હતી જો કે પેલેસે સૂચવ્યું હતું કે તે સ્વાસ્થ્ય સંબંધિત અથવા તેમની કેન્સરની ચાલી રહેલી સારવાર સાથે જોડાયેલી મુલાકાત ન હતી. તેઓ આજે (બુધવારે) સવારે બ્રિટન પરત ફર્યા હતા, એમ તેમણે ઉમેર્યું હતું. બકિંઘમ પેલેસના પ્રવક્તાએ જણાવ્યું હતું. બેંગ્લુરુમાં સમેથાનહલ્લી

...અનુસંધાન પાના 11 પર

તા. 30-10-૨૦૨૪નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૬.૬° સે. | ૨૩.૪° સે. | ૩૮% |


